# Directorate of Accounts & Treasuries

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

"વિમા અને લેખા ભવન",
બ્લોક નં. – ૧૭/૨, જુના સચીવાલય,
ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦.

**(EDP CELL)**
"Vima & Lekha Bhavan",
Block No. – 17/2, Old Sachivalay,
Dr. Jivaraj Mehta Bhavan Complex,
Gandhinagar – 382 010.

Fax. (079) 232 57867 Ph. (079) 232 56345 E Mail – jtdiredp-dat@gujarat.gov.in

નં. હિતિનિ/ઇડીપી/૧૦૦૧/03/ઓનલાઇનબીલ/ 653401 તા.31 /૦૧/૨૦૧૨

પરિપત્ર:-

વિષય:- ઓનલાઇન બીલ ચાલુ કરવા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના પત્ર નં. હિતિનિ/ઇડીપી/૧૦૦૧/03/ઓનલાઇનબીલ/૬૩૪૮૬૪ તા. ૧૩-૧૧-૨૦૧૧.

(૨) અત્રેની કચેરીના પત્ર નં. હિતિનિ/ઇડીપી/૧૦૦૧/03/ઓનલાઇનબીલ/૬૪૦૫૨૦ તા. ૨૬-૧૧-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના પત્ર નં. હિતિનિ/ઇડીપી/૧૦૦૧/03/ઓનલાઇનબીલ/૬૩૯૫૫૨ તા. ૨૨-૧૨-૨૦૧૧.

(૪) અત્રેની કચેરીના પત્ર નં. હિતિનિ/ઇડીપી/૧૦૦૧/03/ઓનલાઇનબીલ/૬૪૩૨૪૯ તા. 03-0૧-૨૦૧૨.

(૫) અત્રેનો તા. ૧૨-૦૧-૨૦૧૨નો ઇ-મેલ.

" સંકલિત નાણાંકીય વ્યવસ્થાપન પધ્ધતિ " અન્વયે રાજ્યની તમામ કચેરીઓમાં ઓનલાઇન બીલ મોડ્યુલ શરૂ કરવા સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે ગાંધીનગર અને અમદાવાદની અમુક ખાતાના વડાં તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓને સીલેક્ટ કરી ઓનલાઇન બીલ મોડ્યુલનો ડેમો આપવામાં આવેલ હતો. અને આ કચેરીઓ દ્વાર સુચવ્યા મુજબના મોટા ભાગના સુચનો આમેજ કરી ઓનલાઇન બીલ મોડ્યુલ તૈયાર કરવામાં આવેલ છે.

ઓનલાઇન બીલ રોલ આઉટ કરવાના ભાગ રુપે તા. ૧૪-૧૨-૨૦૧૧ થી તા. ૨૩-૧૨-૨૦૧૧ દરમ્યાન રાજ્યની તમામ જિલ્લા તિજોરી કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરી, જિલ્લા પોલીસ વડાંની કચેરી અને જિલ્લા શિક્ષણાંધિકારીની કચેરી તેમજ મે. ટી.સી.એસ.ના પ્રતિનિધિને તાલીમ આપવામાં આવેલ હતી. ત્યાર બાદ તા. ૨૬-૧૨-૧૧ થી ૨૮-૧૨-૨૦૧૧ દરમ્યાન સરકારશ્રીની વહીવટી વિભાગના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. રાજ્યની તમામ જિલ્લા તિજોરી કચેરીઓ અને પગાર અને હિસાબ કચેરીઓ દ્વારા તેઓની હસ્તક ઉપાડ કરતા ઉપાડ અધિકારીની કચેરીઓ માટે તાલીમનું આયોજન કરવા માટે સંદર્ભ ૨ના તા. ૨૬-૧૧-૨૦૧૧ના પત્રથી તમામ જિલ્લા તિજોરી કચેરીઓને સુચના આપવામાં આવેલ હતી. ઓનલાઇન બીલ મોડ્યુલ અન્વયે USER ID ફાળવવા બાબતે સંદર્ભ ૪ના તા. 03-0૧-૨૦૧૨ના પરિપત્રથી વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ છે. આમ તમામ પ્રક્રિયાને અંતે સંદર્ભ ૫ના અત્રેના તા. ૧૧-0૧-૨૦૧૨ના ઇ-મેલથી જિલ્લા તિજોરી કચેરી અને પેટા તિજોરી કચેરીના તમામ પ્રકારના બીલો તા. ૧૬-0૧-૨૦૧૨થી ઓનલાઇન રજુ કરવા બાબતે સુચના આપવામાં આવેલ હતી.

ઓનલાઇન બીલ મોડ્યુલ રાજ્યની તમામ કચેરીઓ ખાતે કાર્યરત કરવાના ભાગ રુપે આથી પગાર અને હિસાબ અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ તથા તમામ શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ને તેઓની હસ્તક ઉપાડ કરતી તમામ કચેરીઓ કે જેઓનું ઓનલાઇન બીલ માટેનું CONFIGURATION IFMSમાં થઇ ગયેલ છે. તેવી તમામ કચેરીઓના તમામ પ્રકારના બીલો તા. ૦૧-૦૨-૨૦૧૨થી ઓનલાઇન જ રજુ થાય તે મુજબની વ્યવસ્થા કરવા આથી જણાવવામાં આવે છે.

નિયામક

પ્રતિ,

(૧) પગાર ને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબ અધિકારીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.

(૨) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી ________________ તમામ.

નકલ સવિનય રવાના:-

(૧) અધિક સચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નાયબ સચિવશ્રી (તિજોરીઓ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) સંયુક્ત નિયામકશ્રી, તિજોરી નિયંત્રણ શાખા, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.

(૪) શ્રી પંકજ ગુપ્તા. મે. ટાટા કન્સલ્ટન્સી સર્વીસીસ લી., ૫-૬ છઠ્ઠો માળ, ઇન્ફોટાવર-૧, ઇન્ફોસીટી, ગાંધીનગર.

(૫) સીલેક્ટ ફાઇલે.